## ‘યુગવંદના’ કાવ્યસંગ્રહનાં દલિત-પીડિતદર્શનનાં કાવ્યોની ચર્ચા કરો. (પ્રો.રમેશ સાગઠિયા)

<u>ભૂમિકા</u> – અર્વાચીન ગુજરાતી સાહિત્યનાં મુખ્ય ચાર તબક્કાઓમાં ત્રીજો તબક્કો કે યુગ તે ગાંધીયુગ. આ યુગનાં પ્રમુખ સાહિત્યકારોમાં ઝવેરચંદ મેઘાણીનું નામ માનભેર લેવાય છે. ગાંધીજી એક અધિવેશનનાં વ્યાખ્યાનમાં કહ્યું કે : ‘કોશિયો (ખેતમજૂર) પણ સમજી શકે એવાં શબ્દો-ભાષામાં સાહિત્યનું સર્જન થવું જોઇએ’. સાહિત્યમાં ગામડાનો ખેતમજૂરથી માંડીને ગ્રામ્યસમાજ આવવો જોઇએ. ભારત ગામડાઓનો બનેલો દેશ છે. અહીંયા, લાખો-કરોડો લોકો ગરીબી અને ભૂખમરો સહી રહ્યાં છે. એમનાં દુ:ખ અને દર્દ, વ્યથા ને વેદના સમાજજીવન અને જીવન સંદર્ભ વિનાનું આપણું સાહિત્ય અધુરૂં કહેવાય, અપૂર્ણ કહેવાય. રાષ્ટ્રવિકાસમાં ગામડાઓ અને મજૂર વર્ગનો સ્ત્રીસમાજ અને ગ્રામ્યસંસ્કૃતિનો અમૂલ્ય ફાળો છે. તેથી, સાહિત્યમાં એનું આલેખન પણ થવું જોઇએ. આ ગાંધી ટકોર અનેક સાહિત્યકારોને હતી. એમાંથી, આપણને મેઘાણી મળ્યાં, એમ કહેવું કાંઇ ખોટું નથી. મેઘાણીનાં ‘યુગવંદના’ કાવ્યસંગ્રહમાં આપણને દલિત-પીડિત-મજૂર સમાજનું આલેખન થયેલું જોવા મળે છે. આપણે એની ચર્ચા કરીએ.

<u>‘યુગવંદના’નાં દલિત-પીડિતદર્શનનાં કાવ્યો</u>- ગાંધીયુગનાં પ્રમુખ અને પ્રશિષ્ટ પ્રતિભાશાળી અને પ્રથમ પંક્તિનાં સાહિત્યકાર તે મેઘાણી. ગાંધીયુગનો આગવો અને અનોખો અવાજ બન્યાં છે ઝવેરચંદ મેઘાણી. આપણે ‘યુગવંદના’ કાવ્યસંગ્રહનાં 86(છયાસી) કાવ્યોમાંથી અભ્યાસક્રમમાં પસંદગી પામેલ 23 (ત્રેવીસ) કાવ્યોને કેન્દ્રવર્તી રહીને એ કાવ્યોમાં દલિત-પીડિતદર્શનની ચર્ચા કરીએ.

આ કાવ્યસંગ્રહમાં દલિત-પીડિત સમાજની સમસ્યા કેન્દ્રી જે કવિતાઓ મળે છે. તેમાં ‘ઘણ રે બોલે ને’, ‘કવિ તને કેમ ગમે?’, ‘વિરાટ-દર્શન’, ‘બીડીઓ વાળનારીનું ગીત’ આ ચારેય કવિતાઓનો સમાવેશ થાય છે. ઇ.સ.1932માં મેઘાણીની ‘ઘણ રે બોલે ને, એરણ સાંભળે’ કવિતા મળે છે. ‘જેસલ કરી લે વિચાર’ એ ભજનનાં ઢાળમાં લખાયેલી આ રચના છે. ‘ફૂલછાબ’માં છપાયેલી. બે જડ વસ્તુઓ કે પદાર્થ ઘણ અને એરણ આમ તો, લુહારી કામ સાથે સંકળાયેલાં. પણ, નવસર્જનનાં પ્રતીક બની શકે છે. જીવંત હોય તો એનો સંવાદ કે વાતચીત હોય. અહીં પહેલી પંક્તિમાં જડવસ્તુનો નિર્દેશ છે. પણ બીજી પંક્તિમાં ‘બંધુડો બોલેને બેનડ સાંભળે રે..’ એમ કહીને જડમાં જીવંતતા કે સજીવતા ભરી દીધી છે. માનવ જાત આજેય એની પશુતા કે પદાર્થભાવ જેવી જડતા છોડી શક્યો નથી. આજ સુધીનાં નાના-મોટા મળીને 36000 જેટલાં યુધ્ધો અને હિંસાઓ કરી માણસ જાત આજેય પોતાની પશુજાતને પૂરવાર કરી રહ્યો છે. એ કહેવા પૂરતો જ માણસ છે. એની હિંસકવૃત્તિ હજુયે ઓછી નથી થઇ. વિકૃતિ સાથેની વિનાશકવૃત્તિ એ આજેય છોડી શકતો નથી. વિસર્જન કરવું સાવ સહેલું છે, અઘરૂં છે નવું સર્જન કરવું. ઘણ અને એરણ નવું બનાવવામાં નિમિત્ત બને છે. એ રીતે, એનો મહિમા છે. હથિયારોની હોડ વચ્ચે હેત અને હૂંફનાં પાઠ ક્યાંથી શીખે માનવજાત? હિરોશિમા અને નાગાસિકી (જાપાન) બીજા વિશ્વયુધ્ધ પછીનાં

સંહારલીલી કોણ ભૂલી શકે ?. કબરોનાં કારખાના સમાન શસ્ત્રો પાછળની દોટ સમયે, આજેય મહાવીર સ્વામી અને બુધ્ધ સૌથી વધુ પ્રાસંગિક છે. રોટી, કપડાં અને મકાન આપણે માનવજાતને પૂરા પાડી શકતા નથી. કરોડો કે અબજો રુપિયા શસ્ત્રોની ખરીદી પાછળ આંધળા બની ખરીદીએ છીએ. કવિ આજથી નેવું વર્ષ પહેલાં નિ:શસ્ત્રીકરણનું આ સપનું જુએ છે. કાવ્યને અંતે કવિ કહે છે- 'આ તોપગોળા છોડીને એનાં સંચા, ઘોડિયા, ઢોલિયા, રેંટિંયા, સંગીતનાં સાધનો બનાવી સમાજને એકસૂરા બનાવો, બેસૂરા નહીં'. આજે એક ભાઇ (ઘણ) બનીને બહેનને (એરણ) સુંદર રુપક યોજીને મૂડીવાદી અને સામંતશાહી–સત્તાશાહી સામે લોકશાહી રુપે સર્વ-સમાજની સર્વોદયવાદ અને સામ્યવાદની વાત કહી છે. આમ, પ્રતીકાત્મક રીતે આ કાવ્ય દલિત-પીડિત એવા ગરીબ-મધ્યમવર્ગની સમસ્યાને કવિએ વાચા આપી છે.

બીજી કવિતા 'કવિ તને કેમ ગમે ?' એ રચના છે. અહીં શીર્ષકમાં પ્રશ્ન પૂછાયો છે. ઇ.સ.**1929**માં હરીન્દ્ર ચટ્ટોપાધ્યાયની એક અંગ્રેજી કાવ્ય ('ધ માસ્ક') વાંચીને આ કાવ્યની રચના કરી છે. 'ધરતીને પટે પટે પગલે પગલે', 'મૂઠી ધાન વિના નાના બાળ મરે', 'પ્રભુહીન આકાશેથી આગ ઝરે', 'અહો ! રાત કરોડો ગરીબોનાં પ્રાણ ધનિકોને હાથ રમે.. ત્યારે હાય રે ! હાય ! કવિ તને સંધ્યા ને તારક શેણે ગીત ગમે?'. પ્રશ્ન પૂછીને કવિઓ પાસેથી મેઘાણીએ સામાજિકધર્મ નિભાવવાનો હિસાબ માગ્યો છે. લાખો-કરોડો દલિત-પીડિત-કુપોષિત અને ભૂખ્યા લોકોની કવિતાઓ એ સામાજિક ધર્મ છે. સમાજની સમસ્યાઓને શબ્દદેહ આપતો સારો અને સાચો કવિ યુગોયુગ સુધીનો દસ્તાવેજ બની જાય છે. મેઘાણી એને ઠપકો આપે છે. ભૂખી સ્ત્રી એનું નાનકડું બાળક ભૂખ્યું છે. એ સ્ત્રી ડગલે પગલે લથડે છે. રાત-દિવસ કાળી મજૂરી કરી તોય પેટ પૂરતું પણ અનાજ જે સ્ત્રી કે માતા પામી શકતી નથી, ને આપણે દંભી માનવતાવાદનાં અફીણિયા સૂત્રો પુકારતાં રહીએ છીએ. સૌંદર્યની શાયરી લખવી એનાં કરતાં હકીકત કેન્દ્રી સાહિત્ય શબ્દસૃષ્ટિનું સર્જન કરવું જોઇએ. મેઘાણી કહે છે – 'હે કવિ ! તારા દંભી ગીત ગાવાનું હવે તો બંધ કર'. માત્ર કાલ્પનિક કથા-વાર્તાઓ-કવિતાઓ લખવામાં શરમ આવવી જોઇએ. પણ, કેટલાંક કવિઓને આ જ તો સંસ્કાર હોય છે. શરમ આવવી એ પણ સંસ્કાર કહેવાય. ઘણાં લોકોને ખોટું કરવું કે ખરાબ કરવું એની શરમ પણ ના આવે. ખોટું કરીનેય જાહેરમાં આવીને પોતાનાં સંસ્કાર બતાવે ! આપણે સમજવાનું છે કે આ લોહીનો સંસ્કાર છે કે દૂધનો સંસ્કાર છે કે બુંદનો સંસ્કાર છે. દંભી બનવું, ડંખીલું બનવું, દ્વેષી બનવું કે તેજોદ્વેષ સાથે સાવ નીચલી પાયરીએ બેસીને સારા અને સાચાને પાડી જ દેવો છે. સુંદરમે કહ્યું છે –: 'હું માનવી માનવ થાઉં તોય ઘણું'. આમાં એક વિધાન છે સાથે શરત પણ છે. દાવો છે તો, માંગ પણ છે. પ્રશ્ન છે તો, એનો પૂરાવો પણ માંગવામાં આવ્યો છે. કહેવાતી સહાનુભૂતિ રાખવા ટેવાયેલી મનોવૃત્તિઓ આજેય એકવીસમી સદીમાંય સમાનુભૂતિનું જીવનશિક્ષણ વ્યવહારમાં લાવી શકી નથી. અનેક ઉદાહરણો દૈનિકપત્રોમાં લોહીભીની કલમે જોવા મળે

છે. જે મેઘાણી પોતાની એક કવિતામાં શબદનો સોદાગર કહી શકે, એ જ કવિ અહીંયા દંભી-પાખંડી-પૂર્વગ્રહી અને લૂચ્ચા કવિઓને એની કક્ષા પણ બતાવી દે છે. આ વૈચારિક ક્રાંતિની કવિતા કહી શકાય. પણ, બહુધા સમાજની સમસ્યાઓને વાચા ના આપતા કવિને કવિ કહેડાવવાનો કોઇ અધિકાર નથી. સાહિત્યધર્મ એટલે સામાજિક ધર્મ એવી અવધારણા મેઘાણીએ અહીંયા, આ કાવ્યનાં માધ્યમ દ્વારાં સુંદર અને સબળ રીતે કહી આપી છે.

'વિરાટ-દર્શન' પણ દલિત-પીડિતદર્શનનો અવાજ બનીને ઉભરતી કવિતા છે. છંદનાં ઢાળ કે સંઘગાન રુપે ગાઇ શકાય એવી આ રચના છે. સાતેક જેટલાં નાનકડાં કાવ્યો રુપે એક સૂર મળે છે. 'દેખો રે કાલ કેરી સેના આવે, રંકોનાં લાખ લાખ દળ-વાદળ આવે, માનવને મુક્તિદાન દેવા સહુ આવ્યાં, અમે માનવમંદિર કેરી નવતર રચના અનેરી સોંપી તમને નમેરી માલિક ધનવંતા, દિલનાં વિષડંખ સૌ વિસારી અહીં આવ્યા, ટૂકડાં રોટીને કાજ વેચે વનિતાઓ લાજ – એવા તમ રાજનાં પ્રતાપ શેં વીસરીએ, હવે, કંપો રે ! એ કૃપાલ કંપો અમ રક્ષપાલ ! પરની રોટીના ભક્ષનાર તમે કંપો.. !' જ્યારે લોકસૈન્ય (લોકશક્તિ કે જનશક્તિ) જાગી જાશે ત્યારે નૂતન ક્રાંતિનો શંખ ફૂંકાશે. કાવ્યનાં અંતે મેઘાણી કહે છે – 'દેખ ! દેખ ! કાળનાં અપાર કટક આવે'. ઉમાશંકે કહ્યું – 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરોની ભશ્મકણિ ના લાધશે !' આ રીતે 'વિરાટ-દર્શન' કાવ્ય પણ દલિત-પીડિત-સમાજનું દર્શન પ્રસ્તુત કરે છે.

આ સંગ્રહનું ચોથું કાવ્ય તે 'બીડીઓ વાળનારીનું ગીત' છે. તેમાં પણ મેઘાણીએ પીડિત અને સામાન્ય સ્ત્રીની વેદનાને ગાયેલી છે. અંગ્રેજ કવિ ટોમસ હૂડનાં ('સોંગ ઓફ ધ શર્ટ') ઉપરથી આ કાવ્ય સર્જાયું છે. કસુંબાની કુટેવને પ્રતિષ્ઠા બનાવી બેઠેલો, કાવ્યનો હલકો નાયક એની પત્નિને લાજ (ઓજલમાં રાખીને) કઢાવીને પોતાને મોટપભર્યો માનવી ગણાવે છે. બીડીઓ વાળવી એ ધીમું કામ એટલે કમાણી પણ સાવ ઓછી. પણ નરાધમ ધણી મળેલાં પૈસાને જુગારમાં રમી આવે. જો પૈસા વધે તો અફીણ કાં તો ગાંજો ચલમમાં ફૂંકી નાખે. ઘરમાં ખાવાનું ધાન નથી, ને હજુયે પોતાને તો રાજા જ માને છે. કવિ કહે છે – : 'કંથ કોડીલો, ડેલીએ બેઠા, વાડીએ વેચી બાંધતા રેટા, લાલ કસુંબે લોટંલોટાં પાડતા લાળો રે !, આવશે ખાવા માંગશે, થાળી કાઢશે ગાળો રે ! નિરાધાર બીડીઓ વાળો રે... ', 'રાજનું છોરું. રાજની જોરું. કેમ કરી હું ઓજલ ખોલું ?, 'ઓરડો ઓઢી અંગ સંતાડું, બીડીઓ વાળો રે', 'સાડલે લીરા કાળજે ચીરા, બીડીઓ વાળો રે.. !' ઘરમાં ખાવાનું ધાન નથી, પહેરવા પૂરા વસ્ત્રો નથી, રાત-દિવસ પત્નિની પાસે બીડીઓ વળાવી-વેંચાવી મળેલા પૈસા વેડફી નાખતો પુરુષ હજુયે પરંપરાની પ્રતિષ્ઠા-મોહમાંથી બહાર નીકળી શકતો નથી. પત્નિને મારવી અને ગાળો દેવી સાથે જોરુ ગણવી. સ્ત્રીનું શરીર નંખાઇ જાય છે. શેઠિયો મોજ કરે છે. સાથે જ ખોટી અને દંભી સામાજિક પ્રતિષ્ઠાએ આપણે ત્યાં વ્યસાયિક સ્વાતંત્ર્ય વિકસવા દીધું નથી. વ્યવસાયમાં પણ બંધનો કે ઇજારાશાહી આજેય જોવા મળે છે.

સ્વામી સચ્ચિદાનંદ 'અધોગતિનું મૂળ વર્ણવ્યવસ્થા' પુસ્તકમાં ઉદાહરણ સાથે સચોટ રીતે વાત કહી છે. અહીંયા, પણ એ જોઇ શકાય છે.

<u>દલિત-પીડિત કાવ્યપક્ષ અને સામાજિક પક્ષ</u>- ઉપરોક્ત ચારેય કાવ્યોમાં એનો કાવ્યપક્ષ ખરે જ મજબૂત છે, સશક્ત રહ્યો છે. કલાપક્ષની સાથોસાથ ભાવપક્ષ પણ સબળ છે. ચારેય કાવ્યોમાં વત્તા-ઓછા પ્રમાણમાં વિષય પસંદગી, ભાવ નિરુપણ, શબ્દ પસંદગી, શબ્દ ભંડોળ, ભાવાનુરુપ ભાષાકલા, અલંકારવિધાન, કાવ્યમાં લયાત્મકતા, ગીતકાવ્ય તરીકેની સફળતા, એમાં યુગસંદર્ભ સાથેનો કાવ્યનો સામાજિક ધર્મ મહત્વનાં ઉપસી આવેલા પાસાઓ છે.

થોડીક મહત્વની કાવ્યપંક્તિઓ જોઇએ તો....

**(1)** 'પોકારે પાણીડાં પારાવારનાં હો જી..' **(2)** 'ઘડો હો, બાળક કેરાં ઘોડિયાં હો જી..' **(3)** 'ઘડો હો, વિયાતલ નારનાં ઢોલિયાં હો જી..' **(5)** 'પાવલડાં ઘડો હો, છોરુડાંના દૂધનાં હો જી..' **(6)** 'ઘાએ ઘાએ સંભાર્યે ઘટડામાં.' **(7)** 'લથડી-લથડી ડગલં ભરતી, લાખો નાર ગલી-ગલીએ ફરતી, સારી રાત ભૂખે મજૂરી કરતી, મારા બાળ પરોઢિયે જાગીને માંગશે ભાત, વિચારી એ દેહ દમે, ત્યારે હાય રે ! હાય કવિ ! તને સંધ્યા ને તારકનાં શેણે ગીત ગમે ?. 'સારા વિશ્વની જે દી ક્ષુધા શમશે', 'ભૂખ્યાં બાળૂડાં, પેટ ભરી જમશે,' 'પૂરી રોટી પ્રતિ જનને જડશે, કવિ ! તે દિન ! નીલ આકાશ તારા કેરી, સુંદરતા સહુ સાર્થ બને ! તારાં કૂંજન આજ જલાવી દે પ્રાણ ! રે દંભ ગાવા તને કેમ ગમે..?' **(8)** 'અમે એ સહુ ધોવા કલંક, ધોવા તમ પાપપંક, દિલનાં વિષડંખ સૌ વિસારી અહીં આવ્યા, સહુને વસવા સમાન ચણવા નવલાં મકાન, ગાતાં શ્રધ્ધાનું ગાન લોકસંઘ આવ્યાં, દેખ ! મહાકાલનાં કરાલ સૈન્ય આવ્યાં....' **(9)** 'અન્ન વસ્તર ને આબરુ સાટુ, બીડીઓ વાળો રે !, 'લોહીનાં બળખાં મારે આવે, બીડીઓ વાળો રે, છાતીએ ચાંપી શેકના ગોટા બીડીઓ વાળો રે, સોંઘો સ્ત્રીનાં દેહનો ભૂકો બીડીઓ વાળો રે.. !.. આમ, ઉપરની ચારેય કાવ્યોની ક્રમશ કાવ્યપંક્તિઓ આપણને સાવ સહજતાથી સમજાય જાય છે. દરેક કાવ્યનાં શીર્ષક વિશે પણ આપણે સ-વિસ્તાર ચર્ચા કરી શકીએ.

કહી શકાય કે, ઉપરનાં ચારેય કાવ્યોમાં, એકંદરે ભાવપક્ષ અને કલાપક્ષ મેઘાણીની કવિ તરીકેની સશક્ત અને સબળ હોવાની છાપ ઉપસાવી આપે છે. જે મેઘાણીનું અને 'યુગવંદના'નાં દલિત્-પીડિત સમાજનું કાવ્યગત પાસું ગૌરવશાળી પાસુ ગણી-ગણાવી શકાય.

<u>સમાપન</u>- 'યુગવંદના' મેઘાણીનો કાવ્યસંગ્રહ છે. જેમાં **86** જેટલાં કાવ્યો સમાવિષ્ટ થયેલાં છે. પણ આપણાં અભ્યાસક્રમમાં એમાંથી **23** કાવ્યોને પસંદ કરવામાં આવ્યાં છે. આ **23** કાવ્યોનાં વિષયની નજરે અને અભ્યાસક્રમ મુજબ પાંચ વિભાગ છે. એમાંથી દલિત-પીડિત સમાજનાં દર્શન કરાવતાં કાવ્યો ઉપરનાં ચાર કાવ્યોને ગણી શકીએ. જે સફળ અને સબળ કાવ્યો છે. જે મેઘાણીની કવિ તરીકે અને એ કાવ્યોની કાવ્યતત્વની નજરે સફળતા ગણી-ગણાવી શકાય. **(પ્રો.ડો.રમેશ સાગઠિયા તા.9-8-2020)**